Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૧ લું વિક્રમ સંવત ૧૯૬૦— અશાડ. અંક ૧૨ મો.

## શ્રી વીરધર્મની સ્તુતિ.

જે આ વિશ્વે ચલકિત મહા તત્વનું તેજ સ્થાપે,
જેથી થાયે મલિનમત[1] સૌ ઘૂવડો અંધ આપે;
શોષે થઇને જગત જનના કર્મપંકો[2] કૃશાનું,[3]
તેવો નિત્યે વિજયિ વરતો વીરનો ધર્મ ભાનુ[4]. ૧

## બનારસ પાઠશાલાની ઉન્નતિ માટે પ્રાર્થનાષ્ટક.

### વસંતતિલકા.

જો ધર્મ કલ્પતરૂના[5] ફલ પામવાની,
ઈચ્છાજ હોય જગમાં યશ જામવાની;

૧ મલિન મત રૂપ ઘુવડ પક્ષીઓ. ૨ કર્મ રૂપી કાદવ. ૩ અગ્નિ થઇને. ૪ ધર્મરૂપી સૂર્ય. ૫ ધર્મરૂપી કલ્પવૃક્ષ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો જ્ઞાન ભક્તિ કરવા મન છે રસાળા,[૧]
તો સૌ કરો બડિ બનારસ પાઠશાલા. ૧
જો શ્રાવકો પરમ પંડિત સૌ બનાવા,
ધારો હૃદે સકલ તે ધનથી નભાવા;
જો કંઠમાં ધરવિ હોય સુકીર્તિ માલા,
તો સૌ કરો બડિ બનારસ પાઠશાલા. ૨
છે પાર્શ્વનાથ નગરી વર રાજ ધાની;
ગંગા[૨]પવિત્ર વલી જે જગજ્ઞાન ધાની[૩],
જો દેખવા ચતુર હોયજ ત્યાં સ્વબાલા,[૪]
તો સૌ કરો બડિ બનારસ પાઠશાળા. ૩
જ્યાં શ્રી યશો વિજયની શુભ કીર્ત્તિ ગાજી,
આ ભારતે પ્રગટ થઇ બહુ જ્ઞાન બાજી,
તે રાખવી અચલ જો બહુ વિત્તવાલા,[૫]
તો સૌ કરો બડિ બનારસ પાઠશાલા. ૪

અપૂર્ણ.

# ષટ્ દર્શનોનું કમિશન.

( ગત અંકના પૃષ્ટ ૨૪૯થી શરૂ. )

બૌદ્ધદર્શને શ્રી સચ્ચિદાનંદ પરમાત્માની રૂબરૂ પોતાની જુબાની આપતાં જણાવ્યું કે, એવી રીતે પ્રત્યક્ષ અને અનુમાન

૧ રસવાલા. ૨ ગંગા નદીથી પવિત્ર એવી. ૩ જગતમાં જ્ઞાનને ધારણ કરનારી. ૪ પોતાના બાલકો. ૫ હે ધણાં ધનવંત ગૃહસ્થો. આ સંબોધન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પ્રમાણે અમારે માન્ય છે. અનુમાન પ્રમાણ વિષે અમારા તર્ક શાસ્ત્રમાં ઘણું વિવેચન આવે છે. તે બધું કહેવાનું કાંઈ આપનાપાસે જરૂર નથી તથાપિ સંક્ષેપમાં નિવેદન કરૂં છું કે, અનુપલબ્ધિ, સ્વભાવ અને કાર્ય એવા ત્રણ પ્રકારના લિંગથી લિંગીનું જ્ઞાન જેમાં થાય તે અનુમાન પ્રમાણ કહેવાય છે. અનુમાન શબ્દનો અર્થ એવો છે કે, **अनु** એટલે પછીથી અર્થાત્ લિંગજ્ઞાન થયા પછીથી **मान** એટલે પરોક્ષ અર્થનું જ્ઞાન તે **अनुमान** કહેવાય છે તે અનુમાન સ્વાર્થાનુમાન અને પરાર્થાનુ માન એવા બે પ્રકારે છે. જ્યારે ત્રણ પ્રકારના લિંગથી પોતે પોતાની મેલેજ લિંગી એટલે સાધ્યને સાધે ત્યારે તે સ્વાર્થાનુમાન જ્યારે સામાને સાધ્યનો નિશ્ચય કરાવા સારૂં ત્રણ પ્રકારના હેતુનું અભિધાન કરવું પડે ત્યારે પરાર્થાનુમાન એ અનુમાન શુદ્ધ છે. કારણકે, તેમાં જે હેતુ છે તે સ્વભાવ હેતુ છે; પણ કારણથી કાર્યાનુમાન જેમાં કરવામાં આવે છે, તેમાં સ્વભાવ હેતુ નથી, એટલે તે શુદ્ધ નથી. માટે તે ન સ્વીકારાય.

ત્રણ પ્રકારના લિંગમાં અનુપલબ્ધિ વિગેરે ભેદ દર્શાવ્યાછે, તેના વળી ત્રણ રૂપછે. તે પક્ષધર્મતા, સપક્ષેવિદ્યમાનતા, અને વિપક્ષે નાસ્તિતતા એવા નામથી તે ગ્રંથોમાં ઘણી રીતે પલ્લવિત કરી વર્ણવ્યાંછે અને તેમનાં ઉદાહરણ પણ ત્યાં આપેલાછે. તેબધા સારી રીતે અમારા મતની પુષ્ટિ માટે થાયછે. તે ઘટના એવીછે કે, ' સર્વ ક્ષણિકછે ' એ પક્ષ; કેમકે તે ' સત્છે ' એ હેતુ; એ હેતુ સર્વમાં રહેલોછે, એટલે તેની પક્ષ ધર્મતા સિદ્ધ થઇ; જેજે, સત્ છે તે તે ક્ષણિકછે, જેમકે વિજલી વિગેરે, એ પક્ષ સત્વ થયું, જે ક્ષણિક નથી તે સત્ પણ નથી, જેમકે આકાશ પુષ્પ, એ સ્થાને ક્ષણિકનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિપક્ષ જે નિત્ય તેમાં ક્રમ અને યૌગપદ્ય (એકી સાથે થવા પણું) ઉભયથી અર્થ ક્રિયા કારિત્વ રૂપ સત્વની ઉત્પત્તિનો અભાવ પૂર્વે સાધેલછે, એટલે નિત્ય એ વિપક્ષમાં સત્વ નથી એમ નિશ્ચયછે, માટે એ આ હેતુનું વિપક્ષા સત્વ થયું. 'સર્વ સત્છે' એ થયો ઉપનય; માટે 'સર્વ ક્ષણિકછે' એ નિગમન થયું. એજ પ્રમાણે બીજા સર્વ હેતુમાં યોજના સમજવી.

જોકે અમારા મતમાં વ્યાપ્તિએ યુક્ત અને પક્ષ ધર્મતાના ઉપસંહારે યુક્ત એવુંજ અનુમાન માનેછે તથાપિ મંદબુદ્ધિવાલાને વ્યુત્પત્તિ કરાવવા સારૂં પંચાવયવ રૂપ અનુમાનનો પ્રયોગ કે, જેમાંથી કેટલોક ભાગ અહિં સંક્ષેપથી દર્શાવ્યો, તે પ્રમાણે કરવામાં આવે તો તેને પણ અમે દોષવાલો ગણતા નથી.

આ પ્રસંગે આપ કૃપાલું ભગવંત ને મારે જણાવવું જોઈએ કે, અમારા મતમાં વૈભાષિક, સૌત્રાંતિક, યોગાચાર અને માધ્યમિક—એ ચાર પ્રકારના બૌદ્ધછે તેમાં વૈભાષિકનું બીજું નામ **આર્ય સંમિતીય** એવુંછે. તેઓ એમ માનેછે કે, ક્ષણિક વસ્તુ ચારછે. જન્મ જન્મ આપેછે, સ્થિતિ સ્થાપેછે, જરા જર્જરિત કરેછે, વિનાશ વિનાશ કરેછે તેમ આત્મા પણ તેવોજછે ને તે પુદ્ગલ કહેવાયછે. વલી તે એક સામગ્રીને આધીન, અર્થ સહભાવી એટલે અર્થની સાથે થનાર અને નિરાકારછે. એ બોધ એમ માનવામાં પ્રમાણછે.

સૌત્રાંતિકોનું મત એવું છે કે, રૂપ, વેદના, વિજ્ઞાન, સંજ્ઞા અને સંસ્કાર એ પાંચ સ્કંધ શરીરધારી માત્રને છે, પણ આત્મા એવું કાંઈ નથી. પરલોકમાં જે જાય છે તે પણ એ સ્કંધજ છે. તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના શિષ્યોને એવો પ્રતિબોધ આપે છે કે, હે ભિક્ષુઓ, સંજ્ઞામાત્ર, પ્રતિજ્ઞામાત્ર, સંવૃતિમાત્ર અને વ્યવહાર માત્ર પાંચજવાના છે. તે પાંચ આ પ્રમાણે--અતીત અધ્વા, અનાગત અધ્વા, સહેતુકવિનાશ, આકાશ અને પુદ્‍ગલ. આ શિવાય બીજું કાંઈ નથી. અન્ય મતવાલાઓ નિત્યત્વ, વ્યાપકત્વ વિગેરે ધર્મવાલો આત્મા કલ્પે છે, તે અહિં પુદ્‍ગલ શબ્દથી જાણવો. બાહ્ય પદાર્થ માત્ર નિત્યે અપ્રત્યક્ષજ છે, માત્ર જ્ઞાનાકારની ઊત્પત્તિ તેની સત્તા માન્યા વિના થઈ શક્તી નથી માટે "તે છે" એટલું માનીએ છીએ. જે સાકાર બોધ તેજ પ્રમાણ છે. સંસ્કાર માત્ર ક્ષણિક છે. સ્વલક્ષણ એજ પરમાર્થ છે. પ્રતિક્ષણે વેરાઈ જતાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ તેમના પરમાણું અને જ્ઞાન એજ તત્વ છે. અન્યાપોહ એટલે બીજા પદાર્થની વ્યાવૃત્તિ તેજ શબ્દાર્થ છે. તેમની ઊત્પત્તિ અને તદાકારતા તે ઉપરથીજ પદાર્થનું પરિચ્છેદાત્મક જ્ઞાન થાય છે. નૈરાત્મ્યભાવ એટલે આત્મા છે નહીં એવો ભાવ પામતાં જે જ્ઞાન સંતાનનો ઊચ્છેદ તેજ મોક્ષ, નિર્વાણ કે પરમપદ છે.

આ પ્રમાણે અમારા સૌત્રાંતિક મતવાલા પોતાના શિષ્યોને સ્વસિદ્ધાંતનો પ્રતિબોધ કરે છે.

અપૂર્ણ.

---

# ગૃહસ્થાવાસમાં કેવલ જ્ઞાની.

( અનુસંધાન ગતાંક પાને ૨૬૩ થી. )

હે કલ્યાણની ઇચ્છા માટે અત્યંત પ્રયત્ન કરનારા (સાહસિક)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નર રત્ન ! મહાતપશ્ચર્યા પૂર્વક મારૂં આરાધન કરતાં તને અનેક કષ્ટો સહન કરવા પડયાછે. અને તેવા કષ્ટો સહન કરવામાં તારૂં અતુલ ધૈર્ય અવલોકન કરી હું તારા ઉપર બહુજ પ્રસન્ન થઇછું તેથી તને જે ઇચ્છા હોય તે સુખેથી જણાવ.

દેવીના પ્રેમ ભરેલા વચનો સાંભળી રત્ન પરિક્ષક કહેવા લાગ્યો કે હે માતુશ્રી તમે સર્વની મનોવાંછના પરિપૂર્ણ કરોછો. તમો **આશાપૂર્ણા** હોવાથી તમારી પાસે આવેલું કોઈ નિરાશ થઈ જતું નથી. મારી અભિલાષા તૃપ્ત કરવાને તમે સમર્થછો. હું માત્ર ચિંતામણિ રત્ન પ્રાપ્ત કરવાની આશાએ અત્રે આવ્યોછું, અને મહા ઉદ્યમ પૂર્વક કષ્ટોની પરંપરા વેઠતાં તપશ્ચર્યાથી આપનું મન સંતોષી મારી ધારણા પાર પાડવાની મારી જિજ્ઞાસાછે તેથી તે મારી જિજ્ઞાસા રૂપ પિપાસાને આપ ચિંતામણિ રત્નરૂપ જલઆપી શાંત કરો.

દેવીએ કહ્યું હે ભદ્ર ! તપશ્ચર્યા કરી અનેક કષ્ટ પરંપરા વેઠતાં છતાં જેલાભ ભાગ્યમાં લખ્યો નથી તે કદાપિ સંપાદન થતો નથી કહયુંછે કે—

**भाग्यं फलति सर्वत्र नच विद्या नच पौरुषम् ॥**

ભાગ્યજ સર્વત્ર ફળે છે. વિદ્યા કે પુરૂષાર્થ નહી. મહા પ્રયત્ને દેવાદિકનું આરાધન કરતાં કદાપિ ઈચ્છેલી વસ્તુ પ્રાપ્ત થાય તોપણ તેનાથી લાભ મેળવતાં પેહેલાંજ તેનો અથવા તેના સંપાદન કરનારનો અભાવ થઇ જાયછે. ચિંતામણિરત્ન માટે તારૂં સમ્યક્ પ્રકારે ભાગ્યોદય નથી. તેવું રત્ન પામવામાં પ્રબળ પુન્યોદય જોઇએ છીએ. તેથી તેવું રત્ન પામવાની આશા તું તજી દે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વણિકે કહ્યું. હે માતુ શ્રી! જ્યારે મારા પ્રારબ્ધમાં ચિંતામણી રત્ન નથી એવું કહોછો તો આવા કષ્ટો સહન કરી-તપશ્ચર્યા કરી, તમારી સેવા પૂર્વક આરાધન કરવાનું પ્રયત્ન શું નિષ્ફળ જશે. તમે તો મારા ઉપર સંપૂર્ણ કૃપા કરી મને ચિંતામણિ રત્ન આપો. મારા ભાગ્યમાં જો તે રહેવાનું હશે તો રહેશે. આપ મને નિરાશ કરો નહીં.

વણિકની અત્યંત ભક્તિ જાણી આશા પૂર્ણા દેવીએ તેને ચિંતામણિ રત્ન આપ્યું. રત્ન પરિક્ષક તેને દેખતાંજ અત્યંત હર્ષ ઘેલો થઈ ગયો. દેવીની સ્તુતિ કરી, રત્ન તેની પાસેથી સંપાદન કરી પોતાને દેશ ગમન કરવા સારૂ પ્રયાણ કર્યું.

સમુદ્રમાં વહાણ ચાલતાં વહાણના એક પ્રદેશમાં ચિંતામણિ રત્નને પોતાની પાસે રાખી બેઠો છે. વારંવાર ચિંતામણિ રત્નને નિહાળ્યા કરે છે. સમુદ્ર મોજાઓથી ઉછળી રહયો છે. પવન જોસ ભર વાય છે. એવામાં અજુઆળી રાત્રિનો સમય હોવાથી અને તેમાં પણ પૂર્ણિમાનો ચંદ્ર સંપૂર્ણ પ્રકાશમય, આકાશમાં પૂર્વદિશામાં ઊદય થયેલો હોવાથી, વણિક ચિત્તમાં ચિંતવન કરવા લાગ્યો. શું ચિંતામણી રત્નનું તેજ ચંદ્રમાના તેજ કરતાં ઓછું હશે કે અધિક હશે? એવો વિચાર કરતાં ચંદ્રમાના તેજની સાથે ચિંતામણિ રત્નના તેજને સરખાવવા લાગ્યો. એક વખત ચંદ્રમા સામુ જુએ છે તો બીજી વખત ચિંતામણિ રત્ન સામુ જુએ છે. એમ વારંવાર એક બીજા સામુ જોતાં જોતાં અને સરખામણી કરતાં કરતાં અભાગ્યને યોગે પ્રમાદ વશ પડતાં ચિંતામણિ રત્ન અત્યંત સુકુમાળ હોવાથી હાથમાંથી સરકી ગયું અને હાથમાંથી સરકતાંજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમુદ્રમાં પડી ગયું. વહાણ તો જોસભર ચાલતું હતું તેથી એકદમ ોકાર કરતાં છતાં પડેલા રત્નને સ્થળે સ્થિર નહીં થતાં ઘણે દૂર જતું રહ્યું. વણિક તે રત્નને પુનઃ-સંપાદન કરવા અનેક તારૂ પુરૂષોને સમુદ્રમાં ઉતાર્યા પરંતુ તે સ્થળે સમુદ્ર અગાધ હોવાથી તેનો સર્વ પ્રયાસ નિષ્ફળ થયો. ચિંતામણિ રત્ન ગુમાવવાથી ચિત્તમાં અત્યંત દુઃખ પામવા લાગ્યો, પોતાને ઘેર પહોંચતાં સુધી તેનું દુઃખ લેશમાત્ર ઓછું થયું નહી. જાણે પોતાનો ભવ હારી ગયો હોય તેવું દુઃખ ભોગવતો આયુષ્યનો શેષ કાળ પૂર્ણ કર્યો.

આ દષ્ટાંતનો ઉપનય સમ્યક્ પ્રકારે વિચારમાં લેવા યોગ્ય છે. રત્ન પરિક્ષક વણિક તે સંસારી મનુષ્ય ગતિનો જીવ છે. સમુદ્ર તે ચતુર્ગતિ રૂપ સંસાર છે, વહાણ તે સુગુરૂ આદિનો યોગ છે. રત્ન દ્વીપ તે તીર્થની ભૂમિકા છે. આશા પૂર્ણા દેવી તે શુભ ક્રિયા છે. ચિંતામણિ રત્ન તે ચારિત્ર ધર્મ છે. સમુદ્રનો પંથ તે મોક્ષ માર્ગછે. તેથી ચિંતામણિરત્નરૂપ ચારિત્ર ધર્મને પામીને મોક્ષમાર્ગમાં ગમન કરતાં, મદ્ય, વિષય, કષાય, નિદ્રા કે વિકથા રૂપ પ્રમાદને વશ થઈ ચિંતામણિ રત્ન રૂપ ચારિત્ર ધર્મને જે ગુમાવે છે તે અત્યંત દુઃખની શ્રેણી રૂપ ભવ પરંપરાને પ્રાપ્ત કરે છે. જેમ તે વણિકને ચિંતામણિ રત્ન ફરી પ્રાપ્ત થવું દુર્લભ છે. તેમ આ જીવને પણ પુનઃ ચારિત્ર ધર્મ પ્રાપ્ત થવો પણ દુર્લભ છે. તેજ પ્રાણી ધન્ય કૃત પુણ્ય છે જે જિનરાજ પ્રણીત ધર્મનું નિરંતર આરાધન કર્યા કરે છે. તેજ મનુષ્યનો ભવ સફલ છે અને તેજ મનુષ્ય ત્રિભુવનમાં પ્રશંસવા યોગ્ય છે. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યતિધર્મ અને શ્રાવકધર્મનો સંવાદ.

( ગત અંકના પૃષ્ટ ૨૫૧ થી ચાલું )

**યતિધર્મ**—વત્સ, પાછા સત્વર ગુજરાતની રાજધાનીમાં આવજો. આપણી ત્રીજી જૈન કોન્ફરન્સનો મહોત્સવ કમનીય થશે. જૈન ધર્મના વિજયનાદથી ગરવી ગુજરાત ગાજી ઉઠશે. પૂર્વ કાલથીજ ગુજરાતની પવિત્રભૂમિ ઊપર આર્હત ધર્મની જયઘોષણા થતી આવે છે. મહારાજા કુમારપાલ અને સિદ્ધરાજ જેવા ગુર્જર પતિઓએ આર્હત ધર્મને વધાર્યો છે. અણહિલપુર પાટણનું સર્વ ગૌરવ અત્યારે વટપત્તનમાં ( વડોદરામાં ) આવી વસેલું છે. સાંપ્રતકાલે મહારાજા ગાયકવાડનું નીતિ રાજ્ય કહેવાય છે. આવા સમયમાં પણ એ રાજ્યમાં ધર્મ સાથે વિદ્યા વિલાસ પ્રકાશી રહ્યો છે. તે સ્થાને આપણી કોન્ફરન્સનો રંગ મંડપ અલૌકિક થશે. દયાલુ મહારાજા ગુર્જર પતિ જૈન પ્રજાપર ઉત્તમ પ્રીતિ રાખે છે તેથી કોન્ફરન્સ ને તે નામદાર સંપૂર્ણ સહાય આપશે.

**શ્રાવકધર્મ**- -ભગવન્, આપની ભવિષ્ય વાણી સફલ થાઓ. આપની વિજય વાણી સાંભળી મારા હૃદયમાં તે કોન્ફરન્સના દર્શન કરવાની ઉત્સુકતા વૃદ્ધિ પામે છે. શાસન પતિ દેવતા હવે તે કોન્ફરન્સના માંગલિક દિવસો સત્વર નજિક લાવો. કૃપાનાથ, આપણી વિજયિ કોન્ફરન્સની આ ત્રીજી બેઠક માટે કેટલી એક શંકાઓ થાય છે, તે આપ કૃપા કરી દૂર કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**યતિધર્મ**—વત્સ, તેવી શું શંકા છે તે જણાવો.

**શ્રાવકધર્મ**—ભગવન્, બીજી કોન્ફરન્સની જેમ આ કોન્ફરન્સના પ્રમુખપદ ઉપર આવનાર ગૃહસ્થ સર્વને સંમત થશે? બીજી કોન્ફરન્સ વખતે આવી ચડેલા વેષ ધારી યતિઓના સ્થાનને માટે કાંઇ વાંધો નહિં આવે? અને બીજી કોન્ફરન્સ વખતે જેવી ફંડની મોટી રકમ થયેલ તેવી રીતે અહિંપણ કરવાની યોજના ઉત્પન્ન થાય તો તે સર્વ માન્ય થશે? અને તેવા કારણની શંકાથી વિદેશી ધનાઢ્ય ગૃહસ્થોની હાજરી ઓછી તો નહીં થાય? આવી આવી શંકાઓ મારી મનોવૃત્તિમાં સ્ફુર્યા કરે છે.

**યતિધર્મ**—વત્સ, તેવી શંકા થવા સંભવ છે પણ આપણી વિજયી કોન્ફરન્સના જીવનને વધારનારા જે તમારા શુદ્ધ શ્રાવકો છે, તેઓ પોતાના બુદ્ધિ વૈભવથી કે યુક્તિથી આ ભારત વર્ષના જૈન મહાસમાજમાં કાંઇ પણ હાની થવા દેશે નહીં. તેઓ જાણે છે, કે આ કોન્ફરન્સ, જૈનોના ઉદયસાગર ને વધારનારી ચંદ્રકલા છે, આર્હત ધર્મની ઉન્નતિ રૂપ સરિતાને પોષણ કરનારી મેઘ માલા છે. યતિધર્મ અને શ્રાવક ધર્મરૂપ કલ્પવૃક્ષને ઉછેરનારી અમૃત ધારા છે. તેવી જગદ્વંદ્ય કોન્ફરન્સને હાનિ કરે તેવા વિઘ્નને તેઓ તત્કાલ નાશ કરવાને પ્રયત્ન કરશે. હું મારી દિવ્યશક્તિથી જાણી શકું છું કે, આ ત્રીજી કોન્ફરન્સના પ્રમુખ પદ ઉપર સર્વ માન્ય એક શ્રાવક વર્યની નિમણુંક થશે. પ્રમુખનું સિંહાસન એ મહા મંડપને દીપાવશે. તમારી બીજી શંકા વેષધારી યતિઓને માટે છે, તે વિષે પણ ગુજરાતના ચતુર શ્રાવકો પ્રથમથીજ નિર્વિઘ્નતા ભરેલી યોજના ઘડી કાઢશે. તમારી ત્રીજી શંકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો નિર્મૂલજ છે. કારણ કે, કોન્ફરન્સની આબાદી માટે જે ફંડ કરવામાં આવ્યું છે તે વારંવાર કરવા અને તેથી ધનાઢ્ય પ્રતિનિધિઓના ધનલુબ્ધ હૃદયને વારંવાર કચવાવા કોન્ફરન્સના અગ્રણી સુજ્ઞ પુરૂષો તેવો વિચાર કરેજ નહીં. વત્સ, તમારે નિશ્ચિંત રહેવું. આ વિજયિની જૈન પરિષદાને હાનિ થાય તેવા પગલા કોઈ શ્રાવકપુત્ર તો ભરેજ નહીં. અને જો દુર્બુદ્ધિથી તેમ કરવાની મનોવૃત્તિ કોઈ અગ્રણી શ્રાવકના હૃદયમાં ઉત્પન્ન થાય તો તે શ્રાવકજ નથી એમ સમજવું તેવા અધમ શ્રાવકો કોન્ફરન્સના દ્વેષી થવાથી નારકીના અધિકારી થાય છે.

**શ્રાવકધર્મ**—ભગવન્, આપના વચનામૃતથી મારી શંકા પરાસ્ત થઈ ગઇ છે. હવે આપ દયા સાગર ભગવંત એ કોન્ફરન્સની ઉન્નતિ માટે તનમનથી પ્રયત્ન કરવાની મનોવૃત્તિ તમારા સાધુઓમાં સ્ફુરે તેવી પ્રેરણા કરજો. આ વિજયવાર્ત્તા જો મુનિઓના ઉપદેશમાં જોડાય તો જૈન કોન્ફરન્સનો વિજયનાદ ભારતની દશે દિશાઓને ગજાવી મુકે. કૃપાનાથ, આ ત્રીજી કોન્ફરન્સની બેઠક ગુજરાતની રાજધાનીમાં થવાની છે, તે પ્રસંગે જો કોઇ મહાત્મા મુનિરાજનું સાનિધ્ય તે સ્થાને હોય તો કોન્ફરન્સના પ્રતાપી કિરણોનો પ્રકાશ ભામંડલ જેવો થાય; એટલુંજ નહીં પણ તેનો ઊન્નતિભરેલો ઉદય પૂર્ણરીતે સંપાદન થાય.

**યતિધર્મ**—વત્સ, મારી પ્રભાવિક શક્તિથી જોવામાં આવે છે કે, તે તમારી ધારણા પરિપૂર્ણ થશે. જેના જ્ઞાનગૌરવથી જૈનપ્રજા કૃતાર્થ થયેલી છે, જેની દેશનાના પવિત્ર પ્રવાહે ભારતવર્ષ નામિથ્યાત્વ મલને ધોઈ નાંખ્યો છે, જેના ચિંતામણિ સમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારિત્રરત્ને ઘણાં વખતથી ઝાંખા થયેલા મુનિધર્મને પુનઃ પ્રકાશિત કરેલો છે, જેનાં રચેલા ગ્રંથોએ નિસ્તેજ થયેલા જૈન વર્ગને પુનઃ સતેજ કર્યો છે અને જેમની ધર્મ કીર્ત્તિ અદ્યાપિ ભારત વર્ષમાં પ્રકાશી રહી છે એવા શ્રી વિજયાનંદ સૂરિજીના મુખ્ય શિષ્ય શ્રી કમલવિજય આચાર્ય તે પ્રસંગે ગુજરાતની રાજધાનીને અલંકૃત કરશે. આપણી વિજયી કોન્ફરન્સના દિવ્ય મંડપ ઉપર એ મહામુનિનું ધર્મ તેજ પ્રસરશે. જેથી આ વખતે ભારતવર્ષના જૈન મહાસમાજને અપૂર્વ લાભ મલવાનો છે. એ પ્રભાવિક આચાર્યની કરૂણામય દૃષ્ટિમાંથી નીકળેલા સુધામય કિરણો કોન્ફરન્સની ઉપર અમૃત ધારાવર્ષાવશે.

**શ્રાવકધર્મ**—ભગવન, આ વૃત્તાંત સાંભળી શરીરમાં રોમાંચ થઈ આવ્યા છે. અહા, હવે કોન્ફરન્સ નો સૌભાગ્ય સૂર્ય ઉન્નતિના ઉદયગિરિ ઉપર આવ્યો એવો મને નિશ્ચય થયો. તે પ્રસંગે એ મહાત્માના દર્શન કરવાનો લાભ લેવા હું અવશ્ય પ્રયત્ન કરીશ. તે મુનિરત્ન આચાર્ય મહારાજ મારા પરમ ઉપકારીછે તેઓના સ્વર્ગવાસી ગુરૂનો હું સદાયનો રૂણી છું. શ્રી વિજયાનંદ સૂરિએ મારા શ્રાવકવર્ગ ઉપર અપાર ઉપકાર કરેલા છે. કૃપાનાથ, આ વખતે મને એક શંકા થાય છે કે, શ્રી વિજયાનંદ સૂરિના પવિત્ર નામને અને તેના ઉપકારને મારા શ્રાવકો ભુલી તો નહીં ગયા હોય ? એ મહાશયનું પવિત્ર નામ શ્રાવકોના હૃદયમાંથી દૂર થવું ન જોઈએ તેમ તેઓનો ગુણાનુવાદ શ્રાવકોની રસના ઉપર સર્વદા રહેવો જોઈએ જરાપણ મંદ થવો ન જોઇએ.

**યતિધર્મ**—વત્સ, એવી શંકા શા માટે કરો છો. પાંચમા આરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના પ્રભાવથી કેટલાએક કૃતઘ્ન શ્રાવકો અને મુનિઓ તેના મહાન્ ઉપકારને કદિ ભુલી જશે પણ જેઓ કૃતજ્ઞ શ્રાવકો અને મુનિઓ છે તે કદિ પણ તે મહાશયના ઉપકારને ભુલવાના નથી. ભારતવર્ષના ઘણાં દેશોમાં એ પવિત્ર આત્માના ગુણ ગવાય છે. તેના ઉપકારમાં દબાયેલા આખા પંજાબ દેશે તેના પવિત્ર નામનું સ્મરણ રાખવા અનેક સ્મારક કાર્યો સ્થાપ્યા છે ગુજરાતમાં પણ કેટલેક સ્થળે એ સ્વર્ગવાસી સદ્ગુરૂના સ્મરણ ચિન્હો જોવામાં આવે છે વત્સ, કહેવાને આનંદ થાય છે કે, સૌરાષ્ટમાં સિદ્ધગિરિની છાયામાં આવેલા ભાવનગર શેહેરમાં તે મહાશયના ભાવિક ભક્તોએ "**શ્રી આત્મારામજી જૈન પુસ્તકાલય**" એવા નામથી એક કાર્યાલય ઘણાં વર્ષથી ઉઘાડયું છે. તે સાથે હમણા કોન્ફરન્સના વિજયી વર્ષમાં તે પ્રતાપી ગુરૂના ગુણ ગૌરવને ગર્જનાથી ગાતું, તેમના સદ્ગુણી શિષ્ય પરિવારનું ધાર્મિક યશોગાન કરતું અને શુદ્ધ શ્રાવકોને નિષ્પક્ષપાત પણે પ્રબોધ કરતું "**આત્માનંદ પ્રકાશ**" એવા નામનું તે ગુરૂના નામથી અલંકૃત એવું એક માસિક પત્ર પ્રગટ કરવા માંડયું છે. તે ગુરૂ નામથી પવિત્ર એવા પત્રની સર્વદા અભિવૃદ્ધિ થાઓ "**तथास्तु**"

આ સાંભળી શ્રાવક ધર્મ ને અપાર આનંદ થયો; પછી તે બંને પરસ્પર ભેટ કરી પુનઃ મલવાનો સંકેત કરી પોત પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા.

**સમાપ્ત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિમલચંદ્રસૂરી અને પ્રશ્નોત્તર રત્નમાલા

( ગતઅંક પૃષ્ટ ૨૬૪ થી ચાલુ. )

આ ઉત્તર સાંભળી સંતુષ્ટ થયેલા શિષ્યોએ બીજો પ્રશ્ન કર્યો. " **अंधादपि को विशिष्य ते** " " અંધ પુરૂષના કરતાં વિશેષ દુઃખી કોણ ? " સૂરિશ્રીએ સત્વર આલોચના કરી કહ્યું કે "**रागी**" અંધ પુરુષના કરતાં વિશેષ દુઃખી રાગી પુરૂષ છે. " આ સાંભળતાંજ તેઓ આશ્ચર્ય સાથે સંતોષ પામી ગયા અને તત્કાલ ત્રીજો પ્રશ્ન કર્યો–" **कः शूरो** " " શૂરવીર કોણ ? " મહાશય સૂરિરાજે ઉત્તર આપ્યો કે, " **यो ललना लोचन बाणैर्नच व्यथितः** " " જે સુંદર સ્ત્રીઓના નેત્ર રૂપ બાણથી પીડિત થતો નથી તે પુરૂષ ખરેખરો શૂરવીર છે. "

ત્યાર પછી સૂરિરાજે પોતે આપેલા ત્રણ પ્રશ્નોના પ્રત્યુત્તરનું વિવેચન કરી જણાવ્યું કે, વત્સો, આજે તમે પુછેલા પ્રશ્નો ઘણાં ગંભીરાર્થ છે.–પ્રથમના પ્રશ્નના ઊત્તરમાં જે કહેવામાં આવ્યું છે કે, આ જગતમાં માણસને મૃત્યુનો ભય છે " આ વિષે તમારે બહુ વિચારવાનું છે સર્વ પ્રાણીઓને જગતમાં મૃત્યુનો ભય મોટો છે. મૃત્યુનું સંકષ્ટ આવે તે વખતે પ્રાણી ગમે તેવું અકૃત્ય કરવા પણ ધારે છે. જો પોતાના પ્રાણનો બચાવ થતો હોય તો કૃપાળુ પિતા અને માયાળુ માતા પોતાના પ્યારા સંતાનને પણ છોડી દે છે. મૃત્યુના ભયંકર મુખમાંથી બચવા બીજા ઉપર મોટી હાનિ કરવાને માણસ પ્રવર્તે છે. જો મૃત્યુનો ભય ન હતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો આ લોકની મર્યાદા રાજય તરફથી થઈ શકતે નહીં જંગમ સ્થાવર દરેક પ્રાણી મૃત્યુથી ડરે છે. વિદ્વાન્ પુરૂષો મૃત્યુના ભયમાંથી બચવા અનેક સાધનાઓ સાધે છે. કેટલા એક આયુર્વેદના ઉપચારો સેવે છે, કેટલા એક ઇષ્ટ ઉપાસના કરે છે અને કેટલા એક યોગ સાધના ઉપાસે છે. મૃત્યુથી બચવાના તે બધા ઉપાય કૃત્રિમ છે. ખરેખરો ઉપાય તો આત્મ સાધનનો છે. ચારિત્ર ધારણ કરી, ધર્મક્રિયામાં તત્પર રહી અનુક્રમે પરમપદની પ્રાપ્તિ મેલવવા જે જે ઉપાય આગમમાં કહેલા છે તે ઉપાયો સાધવાથી એ મૃત્યુનો ભય મટે છે. તે શિવાયના બીજા ઉપાય મૃત્યુના ભયમાંથી મુકત કરવા અસમર્થ છે.

બીજા પ્રશ્નના ઉત્તરમા કહ્યું કે, "અંધ પુરૂષથી પણ રાગી પુરૂષ દુ:ખી છે." તે પ્રશ્નનો ઉત્તર તમારે અવશ્ય મનન કરવા યોગ્ય છે. અંધ થયેલો પુરૂષ આ નાશવંત જગતના પદાર્થ જોઇ શકતો નથી તેથી તેનામાં તેટલો રાગ દ્વેષ ઓછો થાય છે તેમજ ચક્ષુ ઇંદ્રિયને લગતા વિષયના વિકારો તેને વ્યથા આપી શકતા નથી તેથી તે બિચારો તેટલે અંશે સુખી છે પણ રાગી પુરૂષ તો રાગાંધ થઇ અનેક સંકષ્ટમાં આવી પડે છે. રાગાંધને ક્ષણે ક્ષણે અનેક વિપત્તિઓ આવી પડે છે. કામાંધ પુરૂષ મહા અકૃત્ય કરી આલોક અને પરલોકની સખ્ત શિક્ષા ભોગવે છે. મોહાંધ પુરૂષ પોતાની સ્થિતિના ભાનથી વિમુખ થાય છે. સ્ત્રી રાગાંધને પડેલી આપત્તિઓના અનેક દ્રષ્ટાંત આગમમાં આપવામાં આવ્યા છે. ધન રાગાંધની અવસ્થા ઘણે ઠેકાણે કષ્ટ ભરેલી જોવામાં આવે છે. ઇંદ્રિયોના જુદા જુદા વિષયો ઉપર રાગ કરી અંધ થયેલા અનેક પ્રાણીઓની સ્થિતિનું વર્ણન તમે ઘણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠેકાણે વાંચેલું અને અનુભવેલું છે. શિષ્યો, રાગ એ સર્વ અનર્થનું મૂલ છે. રાગ રૂપ મહા વિષ સર્પના વિષથી પણ અધિક છે. રાગ રૂપ મહા ગિરિ ઊપર ચડેલાઓને અકસ્માત્ ઝંપાપાત કરવો પડે છે. તેથી રાગી પુરૂષ અંધ પુરૂષથી વિશેષ થાય છે.

ત્રીજા પ્રશ્નના ઊત્તરમાં કહ્યું કે, "જે સુંદર સ્ત્રીઓના નેત્ર રૂપ બાણથી પીડિત થતો નથી તે પુરૂષ ખરે ખરો શૂરવીર છે." આ ઊત્તર વિષે જેટલું વિવચન કરીએ તેટલું થોડું છે. અધિક બળવાન્ પુરૂષ રણમાં શૂરવીર થઇ શકે, અધિક ધનવાન્ પુરૂષ ઊદારતાના ગુણથી દાનમાં શૂરવીર થઇ શકે અને તેવા અનેક પુરૂષો શૂરવીર થયેલા જોવામાં આવે છે પણ રમણીયોના કટાક્ષ બાણથી બચી આત્મ રક્ષણ કરનારા શૂરવીરો વીરલા હોય છે. મહાયો, ગાભ્યાસી, દ્રઢ પ્રતિજ્ઞાવાલા અને સંયમમાં તત્પર એવા પુરૂષો પણ સ્ત્રીઓના કટાક્ષથી યોગભ્રષ્ટ, પ્રતિજ્ઞા ભ્રષ્ટ અને સંયમ ભ્રષ્ટ થયેલા છે તેથી જે પુરૂષ કામિનીના કટાક્ષ બાણથી વ્યથિત થયેલો નથી તેજ ખરેખરો શૂરવીર છે.

વત્સો, ઉપરના ઊત્તરોના સારમાં તમારે ઘણું શીખવાનું છે. મૃત્યુનો ભય રાખવો, રાગાંધ થવું નહીં અને કામિનીના કટાક્ષથી વ્યથિત થવું નહીં. તમારા ચારિત્રના ઊગ્ર બલથી આત્માનું રક્ષણ કરવું. તે રક્ષિત આત્માને પરમાત્મા સાથે જોડી દેવો.

સૂરિ શ્રીના વિવેકી વચનો સાંભળી સર્વ મુનિમંડલ પ્રસન્ન થયું અને તેણે નીચના પ્રશ્નોત્તર રૂપે તે સંપૂર્ણ ગાથાને પોતાની હૃદય પીઠિકામાં સ્થાપિત કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कस्माद्भयमिह मरणादंधादपि को विशिष्यते रागी ।
कः शूरो यो ललनालोचनबाणैर्न च व्यथितः ॥ ८ ॥

શિષ્યો—આ લોકમાં પ્રાણીને કોનો ભય ?

ગુરૂ—મૃત્યુનો.

શિષ્યો—અંધ પુરૂષથી વિશેષ દુ:ખી કોણ ?

ગુરૂ—રાગી પુરૂષ.

શિષ્યો—ખરો શૂરવીર કોણ ?

ગુરૂ—જે સુંદર સ્ત્રીઓના નેત્રરૂપ બાણથી પીડિત થતો નથી તે.

અપૂર્ણ.

# શું જૈન આર્યોજ માત્ર તીર્થંકર ભગવંતની પ્રતિમા પૂજનના અધિકારી છે?

થોડા એક દિવસો ઉપર મુંબઇમાં વસ્તા મી૦ માણેકજી પેસ્તનજી નામના પારસી ગૃહસ્થના સંબંધમાં તીર્થંકર મહારાજની પ્રતિમા તેને પૂજવ. દેવી કે નહીં તે બાબતમાં સંગીન ચર્ચા ચાલી હતી. કેટલાએક જૈન બંધુઓએ શ્રી માંગરોળ જૈન સભાની ઓફીસમાં તેની શ્રી મહાવીર પરમાત્મા પરત્વે તેણે કરેલી વિનંતિના ભાષણ પ્રસંગે, તે જૈન મુનિના સમાગમથી તથા જૈનોના સહવાસથી અને જૈન ધર્મ સબંધી તેણે થોડું એક જ્ઞાન સંપાદન કરવાથી તથા મદિરા અને માંસનો તેણે પરિહાર કરવાથી તે જૈની થયેલ છે અને જૈન ધર્મ ઉપર તેને શ્રદ્ધા પ્રગટ થયેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, એવા ઉદ્દગારો નિકળવાને પ્રસંગે તેની વિનંતિને વાહ વાહ શબ્દોથી વધાવી ધન્યવાદ આપ્યો હતો અને તીર્થંકર મહારાજની પ્રતિમા પૂજવાની તેની અભિલાષાને પરિપૂર્ણ કરવાની કોશિશો પણ આદરવા જિજ્ઞાસા બતાવી હતી. ત્યારબાદ જીન મંદિરમાં આડંબર સહિત તેને તીર્થંકર મહારાજની પ્રતિમા પૂજવાને તેની ઈચ્છાને અનુમોદન કરનારાઓ લાવનારા છે એવી હવા સર્વત્ર પ્રસરી રહી. તેટલામાં તત્કાળ બીજેજ દિવસે અનેક જૈન બંધુઓએ તે સભામાં પ્રસરેલા વિચારોથી વિરૂદ્ધ વિચારો દર્શાવવા માંડયા કેટલાએક જૈનો એવું બોલવા લાગ્યા કે હવે હડહડતો પાંચમો આરો આવ્યોછે. અને ધર્મ ચાળણીએ ચળાવાનોછે. ત્યારે શું મુસલમાન, પારસીકે યુરોપીયન સર્વ કોઈ જિન પ્રતિમા પૂજી શકે ?

આ લેખક તે વખતે મુંબઈમાં હતો. જોકે કેટલાએક કામના પ્રસંગથી માંગરોળ સભાની ઓફીસમાં ભાષણ સમયે હાજર થઈ શકયો નહોતો તોપણ તે વખતે હાજર રહેલા એક વિદ્વાન સદ્-ગૃહસ્થ પાસેથી બનેલી સર્વ હકીકત તેના સાંભળવામાં આવી હતી અને ત્યારબાદ છાપાદ્વારાએ વાંચવામાં પણ આવી હતી. મી૦ માણેકજીની તરફેણમાં તેનો અભિપ્રાય છે કે વિરૂદ્ધમાં એવું જુદા જુદા વ્યક્તિઓના તરફથી તેને પૂછવામાં આવતાં કેટલાએક તટસ્થની પાસે પણ મોટા પ્રવાહના વેગમાં તણાવાની જેમ ઓથો રીટી ( આધાર ) ની અપ્રાપ્તિના સબબથી દેશકાલને અનુસરી મજકુર પારસી ગૃહસ્થ માત્ર પ્રતિમાના દર્શનનોજ અધિકારી હોઈ શકે અને પ્રતિમાના પૂજનનો અધિકારી હોઇ શકે નહીં એવો શંકા યુકત વિચાર આપવાની ફરજ પડતી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યવનાદિ અનાર્યો જૈન થયા છતાં જિન પ્રતિમાના પૂજનના અધિકારી થઈ શકે છે કે નહીં આવી શંકા અનેક સુજ્ઞ તથા અજ્ઞ જૈનોના અંતઃકરણમાં વ્યાપેલી છતાં તે બાબતના સમાધાનાર્થે જૈન સિદ્ધાંત ( આગમ ) માં વા સિદ્ધાંત જેવા બલવાન આધાર રૂપે મનાતા ગ્રંથમાં કાંઈપણ આધાર છે કે નહીં તેવું જાણવાની શોધ ખોળમાં પડવાને તેઓ ટેવાયેલા નહીં હોવાથી કેટલાએક અધર અધરથી અભિપ્રાય આપનારાઓની જેમ પોતાના મતને અનુસરતો બીજાઓનો અભિપ્રાય મળવાથી જાણે તે અભિપ્રાય મહા જ્ઞાનીએ આપેલો હોય એવું માની હઠ કદાગ્રહી થઇ વર્તે છે. તીર્થંકરના સિદ્ધાંત વા સિદ્ધાંત જેવા આચાર્યોના રચેલા બલવાન ગ્રંથોમાં બતાવેલા વિધિ કે નિષેધ માર્ગમાં સારી રીતે પ્રવીણતા મેળવ્યા શિવાય તેતે ગ્રંથોની શાહાદત વિના જાણે પોતાનો અભિપ્રાય તે મહાન્ ગીતાર્થનો અભિપ્રાય છે તેવા રૂપે પ્રદર્શીત કરવો તે પણ પ્રબળ મોહ સૂચક છે.

ગયા જૈન પત્રમાં અર્થાત્ તા. ૩૧ મી જુલાઈના પત્રમાં શાંતિ વિજયજીએ નંબર ૨૧ ના સવાલના જવાબમાં આગમ વા આગમ જેવા બલવત્તર ગ્રંથના આધાર શિવાય મનઃકલ્પિત જવાબ આપ્યોછે, તેમણે તે જવાબના આધારમાં કોઈપણ ગ્રંથની શાહાદત આપી હોતતો મનઃકલ્પિત લખવાની જરૂર પડત નહિ.

આ લેખકનું મન પણ આ વિષયની બાબતમાં કાંઈપણ ચોકસ અભિપ્રાય ઊપર આવી શક્યું નહોતું. પરંતુ કોઈપણ બલવાન ગ્રંથને આધારે આ વિષયનો નિર્ણય કરવાની તીવ્રજિજ્ઞાસા અંતઃકરણમાં પુરૂષાર્થ પૂર્વક વ્યાપેલી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધગિરિરાજની અશાડી ચતુર્દશી ઉપર યાત્રા કરવા સારૂ જતાં આ લેખકના વાંચવામાં નીચેનો ગ્રંથ આવ્યો.

**प्रश्नः** तथा यवन धीवरादयः श्राद्धा जातास्तेषां तीर्थंकृत् प्रतिमा पूजनेलाभोनवेति ॥

**उत्तरः** यदि शरीरस्य तथा वस्त्रादीनां च पावित्र्यं स्यात् तदा निषेधो ज्ञातो नास्तिपरं तेषां प्रतिमा पूजने लाभ एव ज्ञातोस्तीति ॥ ७१ ॥

ઉપરનો ૭૧ માં નંબરનો પ્રશ્ન તથા તેનો ઉત્તર શ્રી સેન પ્રશ્ન નામના ગ્રંથનો અધિકારછે. શ્રી વિજયસેન સૂરિ મહારાજે આ ગ્રંથ રચેલોછે અને તે સિદ્ધાંતના જેવો આધારવાળો ગણાયછે, એવો વિદ્વાનોનો અભિપ્રાય હોવાથી તેવા મહાન પુરૂષના અભિપ્રાયને આ સમયે જૈન વર્ગના વિદ્વાન મનુષ્યોના વિચાર ઉપર મુકવાની આવશ્યકતા જણાયાથી આ વિષય લખવાની જરૂર પડીછે વિદ્વાનો તો પ્રશ્ન તથા ઉત્તરને સેહેજ સમજી શકે તેમછે. પરંતુ, સંસ્કૃત ભાષાના અજ્ઞ અધિકારીને જણાવવાનું કે—

પ્રશ્ન—તથા મુસલમાન અને કસાઇનો ધંધો કરનારા વિગેરે શ્રાવક થયા હોયતો તેઓને તીર્થંકર પ્રતિમાના પૂજનમાં લાભ છે કે નહીં ?

**ઊત્તર**—જો શરીર તથા વસ્ત્રો પ્રમુખની પવિત્રતા હોયતો નિષેધ છે એવું જાણવામાં નથી પરંતુ તેઓને પ્રતિમાના પૂજનમાં લાભજછે એમ જાણવામાંછે. ૭૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરના સવાલ અને જવાબના પ્રત્યેક શબ્દોની બાબતમાં પાલીતાણા મુકામે ગોધારી ધર્મશાળામાં અનેક મુનિરાજો સમક્ષ ચર્ચા ચાલતાં ગાડરીયા પ્રવાહમાં ન તણાવાના અભિપ્રાય ઉપર સર્વે આવ્યા હતા.

મજકુર માણેકજી પેસ્તનજીનો આ લેખક સ્નેહી વા પક્ષપાતી છે અને તેવા અભિપ્રાયથી આ લેખ લખવાનો પ્રયાસ કર્યો છે એવું વાચક વિદ્વાનોએ પોતાના પવિત્ર અભિપ્રાયમાં લાવવાની તસ્દી લેવી નહીં, પરંતુ કોઇ મનુષ્ય અનાર્ય કુળમાં ઉત્પન્ન થયો હોય અને તેને જૈન દર્શનની શ્રદ્ધા થઈ હોય તો ઉપરના નિયમોને અનુસારે તીર્થંકરની પ્રતિમાને પૂજવાને તે અધિકારી થઇ શકે છે કે નહીં તેનોજ માત્ર બલવાન ગ્રંથને આધારે નિર્ણય કરવાની જરૂર છે. તેથી આ લેખ લખવાનો પ્રયાસ કરેલ છે.

વળી આ લખાણ માત્ર સેનસૂરિ મહારાજનો સેન પ્રશ્નનો ૭૧ મો પ્રશ્ન વાંચવામાં આવવાથી વિદ્વાનોના વિચાર ઉપર લાવવા સારૂ લખવામાં આવેલ છે. બીજા કોઈ પણ હેતુથી લખવામાં આવેલો નથી. તેથી સેન પ્રશ્ન ગ્રંથના આધારથી વિરૂદ્ધ આધાર જ્યાં સુધી તેના કરતાં બલવત્તર ગ્રંથમાંથી ન ઉપલબ્ધ થાય ત્યાં સુધી સ્વમતિ કલ્પનાને વળગી રહેવું કે નહિ તે, તેવી બાબતમાં બતાવવામાં આવતા વિદ્વાન આચાર્યના અભિપ્રાયને અનુસરી સુજ્ઞ શ્રાવકોએ અમલ કરવો એવી વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વ્યવહાર શુદ્ધિ.

## ( લેખક મુનિ રત્ન વિજયજી )

વ્યવહાર એ વાક્ય મહા અર્થ સૂચક છે. જે વડે પ્રતીતિ થાય છે. જેના વડે ધાર્મિક યંત્ર ફર્યા કરે છે. જે સદાચરણ કહેવાય છે. ચારિત્ર કહેવાય છે. મોક્ષ પંથ કહેવાય છે. વલી જેને ગુણ ઠાણાનું સ્વરૂપ કહે છે. તેના પાંચ વિભાગ છે. ૧ આગમ વ્યવહાર, ૨ સૂત્ર વ્યવહાર, ૩ આજ્ઞા વ્યવહાર, ૪ ધારણા વ્યવહાર, ૫ જીત વ્યવહાર. આત્મ બલથી ઉત્પન્ન થઈ જે કાંઈ ક્રિયાના બલને પકડે તે આગમ વ્યવહાર. એવા આગમ પુરૂષોના મહા વાક્ય ત્રિપદી પૂર્વક ચૌદ પૂર્વ જ્ઞાન દ્વારાએ આચરણ કરાય તે સૂત્ર. સૂત્રવ્યવહારી પુરૂષોએ ફરમાન કરેલું તે આજ્ઞા વ્યવહાર. તેમાં પણ કાલદોષ વડે અમૂક વિસ્મૃતિ અમૂક સ્મૃતિ અને તદંતર, ગત વ્યવસાયવાળું આચરણ તે ધારણા વ્યવહાર. તેમાં પણ પુરૂષાંતર પક્ષાંતર, પાઠાંતર વિગેરે સબળ કારણોને લીધે જ્યારે સુવિહીત, ભવભીરૂ, શુદ્ધ પ્રરૂપક, આજ્ઞારસિક, અશઠ અને વિદ્વાન પુરૂષો એકત્ર થઇ દીર્ઘ બુદ્ધિ પૂર્વક કાનુનો ઘડે તે જીત વ્યવહાર. આવા વ્યવહારો જુદા જુદા રૂપમાં પ્રવર્ત્તે છે. જેવા કે જિન કલ્પ, સ્થિવિર કલ્પ, પ્રતિમા ધારક, અભિગ્રહ ધારક, સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્ર, સંવૃતાનગાર, અસંવૃતાનગાર, અપ્રમત્ત, પ્રમત્ત, નવદીક્ષીત, સ્થવિર, કુલગણ, સંઘ, બારવ્રતધારક શ્રમણોપાસક, એકાદશ પ્રતિમા ધારક શ્રમણોપાસક, અવિરતિ સમ્યગ્દષ્ટિ, માર્ગાનુસારી, આ પ્રમાણે પૃથક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૃથક વિભાગોમાં વેહેંચાઇ જવાથી તરતમ યોગને પામી ગયો. જેથી કેટલા એકમાં પ્રાતિપદના ચંદ્ર જેવો વ્યવહાર, તો કોઈમાં બીજના ચંદ્ર જેવો, ત્રીજના ચંદ્ર જેવો એમ યાવત પૂર્ણિમાના ચંદ્ર મંડળ જેમ ગોળ સુંદરાકાર તેજોરાશિ વ્યવહાર હોય છે. જે પ્રાણી માર્ગથી બહિર્મુખ છે તેમાં વ્યવહાર હોઈ શકતો નથી. વ્યવહાર વડેજ ધર્મ ઓળખાય છે. જેમ હીરામાં તેજ, અશ્વમાંવેગ, ચંદ્રમાં સુધા અને શબ્દમાં અર્થ કિંમતી છે તેમ ધર્મમાં વ્યવહાર કિંમતી છે. ચિતરેલા આંબાના વૃક્ષની જેમ વ્યવહાર વિના ધર્મ નિષ્ફલ ગણાય. તેમજ સિંહના ફોટોગ્રાફની માફક વ્યવહાર વિનાનો ધર્મ સમજવો. હીરાને શરાણ, સુવર્ણને કષ અને રત્ન કંબલને હુતાશન જેમ સુધારી શકે છે તેમ ધર્મને સુધારનાર વ્યવહારજ છે. ખરા શબ્દોમાં બોલીએ તો ધર્મનું જીવનજ વ્યવહાર છે. જેમ હાથીનું બળ કુંભસ્થલમાં, સિંહની શક્તિ પંજામાં, વૃષભનું બળ કંધરામાં, ખેચરનું બળ વિદ્યામાં, તેમ ધર્મનું બળ વ્યવહારમાંજ છે. ચક્ષુ હીન નર, પક્ષ હીન પક્ષી, વરાળયંત્ર વિના અગ્નિરથ, સુગંધી વિના પુષ્પ, કાંટા વિના ઘડીયાળ એ સર્વે જેમ દુર્દશા પામે છે તેમ વ્યવહાર વિના ધર્મની ગતિ સમજવી. તેથી વ્યવહાર શુદ્ધિની ખાસ આવશ્કતા છે.

અપૂર્ણ.

---

**મે. આત્માનંદ પ્રકાશના તંત્રી જોગ,**

**મુ. ભાવનગર બંદર.**

નીચેની બીના આપના ચોપાન્યામાં પ્રગટ કરશો.

સાધુસાધ્વી શ્રાવક શ્રાવીકા અને જૈન શાળાઓમેં તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરકોઈ અન્ય દર્શની રજવાડા વિગેરેને અમારી મારફત જૈન ધર્મના છાપેલાં પુસ્તકો ભેટ તરીકે મોકલવામાં આવે છે. આ ખાતામાં શ્રી ઉંઝાવાળા શા. હીરાચંદ સાંકળચંદે દર માસે રૂ ૧૨ાા આપવા કબુલ કર્યા છે. આ ગૃહસ્થની મુંબઇમાં શા. મંગળદાસ વીઠલદાસના નામની ખાંડની વખાર છે તે વખાર ચાલે ત્યાં સુધી તથા બીજા કોઈના ભાગમાં બીજી કોઇ દુકાન તેઓ મુંબઈમાં કરે તે દુકાન ચાલે તેટલી મુદત સુધી કાયમ આપવાને કબુલ થયા છે. આવી ઉત્તમ પ્રકારની સખાવત માટે અમો તેઓને અંતઃકરણથી ધન્યવાદ આપીએ છીએ. પોતાની ઉત્તમ લક્ષ્મીનો સદ્ ઉપયોગ કરવાની ઈચ્છા ધરાવનારા આવા સદ્ગૃહસ્થોની ઉદારતાનું અનુકરણ કરવું યોગ્ય છે.

આ પુસ્તકો શ્રી મુંબઈથી શ્રી જામનગર વાળા શા સોભાગચંદ કપુરચંદ તથા શ્રી માંગરોળ જૈન સભા વાળા દરેક ઠેકાણે મોકલાવે છે. તેનો વહીવટ શા. સોભાગચંદ કપુરચંદને સોંપવામાં આવ્યો છે આ ખાતામાં શ્રી મુંબઈના જોટાના પાટીયા તરફથી દરમાસે રૂ ૧૨ાા આવતા હતા પણ તે પાટીઉં બંધ પડવાથી હાલમાં તે આવક બંધ થઈ છે અને હાલમાં પુસ્તકો વધારે મોકલવાની જરૂર પડવાથી ખર્ચ વધારે થાય છે. માટે દરેક જૈન ગ્રહસ્થ આ ખાતામાં યથા શકિત સારી રકમની મદદ કરશે એવી આશા છે. સંવત ૧૯૬૦ના અશાડ શુદી. ૧૦ શુક્ર.

લી. વેણીચંદ સુરચંદ શ્રી મેસાણાવાળાની સહી
દા. પોતે મુકામ. હાલ શ્રી. પાલીતાણા.

For Private And Personal Use Only